તાપમાન
મહત્તમ : ૩૫.૫ ડીગ્રી
લઘુતમ : ૨૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૫૪ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૧૯ | ૯ જુલાઈ, ૨૦૧૬, શનિવાર ; અષાઢ સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## આસામમાં પુરની સ્થિતી વધુ વણસી

ગુવાહાટી,તા. ૮

આસામમાં છેલ્લા ૨૪ કલાકથી અવિરત થઈ રહેલા ભારે વરસાદના કારણે હવે પુરની સ્થિતી વધારે વણસી ગઈ છે. અનેક નવા વિસ્તારો પણ પુરના સકંજામાં આવી ગયા છે. બીજી બાજુ બે લોકોના ભેખડો ધસી પડતા મોત થયા છે. પાટનગર ગુવાહાટીમાં પુરના કારણે અનેક નવા વિસ્તારો પાણીમાં ડુબી ગયા છે. આસામના મુખ્યપ્રધાન સર્બાનંદ સોનોવાલે અસરગ્રસ્ત વિસ્તારોમાં જવા માટે ચીફ સેક્રેટરી અને સિનિસર ઓફિસરને આદેશ કર્યો છે. ઉપરાંત અસરગ્રસ્ત લોકોને તમામ સહાય આપવા માટે કહેવામાં આવ્યુ છે. આસામમાં હાલમાં ૧.૫ લાખ લોકો પુરના સકંજામાં આવી ગયા છે. ત્રણ જિલ્લામાં ૨૩ રાહત કેમ્પ શરૂ કરવામાં આવ્યા છે. આઠ જિલ્લામાં આશરે ૭૦૦૦ હેક્ટર વિસ્તારમાં પાકને નુકસાન થયુ છે.

# હાર્દિક પટેલના જામીન મંજુર

### ધારાસભ્યની ઓફિસમાં તોડફોડ કરવાનો હજુ પણ એક કેસ હોવાથી જેલમાં રહેવું પડશે : વિસનગરમાં એક કેસ પેન્ડિંગ હોવાથી હાલ જેલમાંથી મુક્તિ નહીં મળે : છ મહિના સુધી ગુજરાતની બહાર રહેવા માટે હાર્દિક પટેલ શરત માની ગયો છે



અમદાવાદ,તા. ૮

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં ગુજરાત હાઈકોર્ટે પાટીદાર સમુદાય માટે આંદોલન કરીને ગુજરાતને હચમચાવી મુકનાર પાટીદાર લીડર હાર્દિક પટેલને રાજદ્રોહના બે કેસમાં આજે જામીન આપી દીધા હતા. જો કે, આના માટે કેટલીક શરતો પણ લાગૂ કરવામાં આવી છે. હાર્દિક પટેલને આગામી છ મહિના સુધી ગુજરાતની બહાર રહેવું પડશે. જો કે, હાર્દિક પટેલ હાલમાં જેલની બહાર આવી શકશે નહીં. કારણ કે, ધારાસભ્યની ઓફિસમાં હિંસક તોડફોડના કેસમાં તેની સામે કેસ પેન્ડિંગ છે. મહેસાણા જિલ્લાના વિસનગર શહેરમાં તેની સામે આ કેસ પેન્ડિંગ રહેલો છે. ગુજરાતમાં પટેલ સમુદાયને અનામત અપાવવા માટે હાર્દિક પટેલે મોરચા સંભાળ્યા હતા. હાર્દિકની સામે અમદાવાદ અને સુરતમાં રાજદ્રોહના કેસ દાખલ કરવામાં આવ્યા હતા. હાર્દિકની સાથે અન્ય ૨૨ લોકોની સામે પણ રાજદ્રોહના આરોપમાં જામીન મળી ગયા છે. જો કે હાર્દિકને હજુ જેલમાંથી રાહત મળી શકશે નહીં. હાર્દિકે કોર્ટને ખાતરી આપી છે કે, મુક્ત થયા બાદ તે શાંતિપૂર્ણરીતે આંદોલન ચલાવશે. હાર્દિક પટેલે ઓબીસી કેટેગરીમાં સામેલ કરવાને લઈને રાજ્યભરમાં આનંદીબેનની સામે આંદોલન છેડી કાઢ્યું હતું. હાર્દિક પટેલને સુરતની જેલમાં રાખવામાં આવ્યો હતો. હાર્દિક પટેલ પટેલ સમુદાયના લોકોને નોકરી અને શિક્ષણ સંસ્થાઓમાં અનામત આપવાની માંગણી કરી રહ્યો હતો. જો કે, ગુજરાતમાં આ સમુદાયના લોકો અમીર છે અને ખેતી અને હીરાના કારોબારમાં છે.

● અનુસંધાન પાન-૭ પર

## મોદી કેબિનેટમાં ૭૨ સભ્ય કરોડપતિ

### નવા સામેલ કરાયેલાઓમાં સરેરાશ સંપત્તિ ૮.૭૩ કરોડ નોંધાઈ : કેબિનેટની સરેરાશ સંપત્તિ કુલ ૧૨.૯૪ કરોડ

નવીદિલ્હી,તા. ૮

કેન્દ્રીય કેબિનેટનું હાલમાં જ વિસ્તરણ કરીને મોટાપાયે ફેરફાર કરવામાં આવ્યા હતા. આની સાથે જ કેન્દ્રીય કેબિનેટમાં સંખ્યા પણ બદલાઈ હતી. હવે હાલમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં કહેવામાં આવ્યું છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કેબિનેટમાં કરોડપતિની સંખ્યા ૭૨ થઈ ગઈ છે જ્યારે પોતાની સામે ફોજદારી કેસો ધરાવતા સભ્યોની સંખ્યા વધીને ૨૪ ઉપર પહોંચી ગઈ છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, ગયા સપ્તાહમાં જ કેન્દ્રીય કેબિનેટનું વિસ્તરણ કરવામાં આવ્યું હતું. ૧૯ નવા પ્રધાનોને સામેલ કરવામાં આવ્યા હતા. પાંચને પડતા મુકી દેવામાં આવ્યા હતા. આની સાથે સંખ્યા વધીને ૭૮ થઈ ગઈ હતી. સંખ્યા પૈકી ૭૨ કરોડપતિ હોવાની વિગત સપાટી ઉપર આવી છે. નવા સામેલ કરવામાં આવેલા પ્રધાનોની સરેરાશ સંપત્તિ ૮.૭૩ કરોડ થઈ ગઈ છે જ્યારે સમગ્ર પ્રધાનમંડળના સભ્યોની સરેરાશ સંપત્તિ ૧૨.૯૪ કરોડ થઈ ગઈ છે. દિલ્હી સ્થિત થિંકટેંક એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબની વાત કરવામાં આવી છે. નવા સામેલ કરવામાં આવેલા પ્રધાનોમાં એમજે અકબરનો સમાવેશ થાય છે. તેમની સંપત્તિ ૪૪.૯૦ કરોડની આસપાસની રહી છે જ્યારે પીપી ચૌધરીની સંપત્તિ ૩૫.૩૫ કરોડની રહી છે જ્યારે વિજય ગોયેલની સંપત્તિ ૨૯.૯૭ કરોડ નોંધાઈ છે. રાજસ્થાનથી આ બંને રાજ્યસભાના સભ્યો છે. એક કરોડથી વધુની સંપત્તિ ધરાવનાર નવા પ્રધાનોમાં રમેશ જીગાજીનેગી, પુરુષોત્તમ રૂપાલા, અનુપ્રિયાસિંહ પટેલનો સમાવેશ થાય છે.

# દિલ્હી સરકારની અરજી પર સુનાવણીનો સુપ્રીમનો ઈન્કાર

### કેન્દ્ર-દિલ્હી સરકાર વચ્ચે ખેંચતાણ યથાવત : પૂર્ણ રાજ્યના મામલામાં દિલ્હી સરકારની અરજી ઉપર સુનાવણીનો ઇન્કાર કરીને સુપ્રીમે કેટલીક સલાહ આપી : પહેલા હાઈકોર્ટમાં સુનાવણી જરૂરી છે

નવીદિલ્હી,તા. ૮

સુપ્રીમ કોર્ટે પુર્ણ રાજ્યના મામલામાં દિલ્હી સરકાર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી ઉપર સુનાવણી કરવાનો આજે સાફ ઈન્કાર કર્યો હતો. આનાથી અરવિંદ કેજરીવાલના નેતૃત્વમાં એએપી સરકારને મોટો ફટકો પડ્યો છે. કેન્દ્ર સરકાર સાથે સત્તા ખેંચતાણના મુદ્દે એએપી સરકાર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી ઉપર સુનાવણી કરવાનો ઈન્કાર કરવામાં આવ્યો હતો. એએપી સરકાર દિલ્હી હાઈકોર્ટ દ્વારા આ અંગે નિર્ણય લેવામાં આવ્યા બાદ સુપ્રીમ કોર્ટમાં જઈ શકે છે. દિલ્હી સરકાર અને લેફ્ટી ગવર્નર વિવિધ મુદ્દાઓ ઉપર આમને સામને આવેલા છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, આ મામલામાં સૌથી પહેલા હાઈકોર્ટને નિર્ણય લેવો પડશે. ત્યારબાદ જ મામલો સુપ્રીમમાં આવી શકશે. મામલાની સુનાવણી સુપ્રીમ કોર્ટની બેંચ દ્વારા કરવામાં આવી હતી જેનું નેતૃત્વ જજ દિપક મિશ્રા કરી રહ્યા હતા. તેઓએ દિલ્હી સરકારને આદેશ કર્યો હતો. આ મામલામાં કેટલીક અન્ય બાબતો ઉપર નિર્ણય લેવામાં આવશે. દિલ્હી સરકાર અને કેન્દ્ર સરકારની વચ્ચે સત્તા વિભાજનને લઈને વારંવાર ખેંચતાણની સ્થિતિ રહી છે. દિલ્હીના નાયબ રાજ્યપાલ નજીબ જંગ અને ક્યારેક વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર દિલ્હી સરકારને કામ નહીં કરવા દેવાના આક્ષેપ કરીને કોર્ટમાં કેજરીવાલ પહોંચી જાય છે. કોર્ટે આને હાઈકોર્ટનો મામલો ગણાવીને સુનાવણી કરવાનો ઈન્કાર કરી દીધો હતો. સુપ્રીમ કોર્ટે કલમ ૨૩૯એએ હેઠળ દિલ્હીની અરજી ઉપર સુનાવણી કરવા માટે તૈયાર થઈ ગઈ હતી.

● અનુસંધાન પાન-૭ પર



**કાંકરિયામાં વૃક્ષો પર રચાઈ પક્ષીઓની હાઉસીંગ કોલોની :** ગીચ લીલોત્રી અને સુંદર પર્યાવરણ ધરાવતું કાંકરિયા પરિસરમાં આજકાલ વિવિધ સ્થાનિક યાયાવર પક્ષીઓ જુદા જુદા વૃક્ષો પર ઉમટી પડ્યા છે. તેમાંય પ્રાણી સંગ્રહાલય સંકુલમાં તમે પાંજરાઓ પરથી નજર હટાવી ઉપર વૃક્ષો પર જુઓ ત્યારે વિવિધ પક્ષીઓના માળા સાથે જાણે કે વૃક્ષો પર હાઉસિંગ કોલોની બની ગઈ હોય તેવી અનુભૂતિ થાય. અહીં જુલાઈ મહિનામાં બ્રિડીંગ માટે જુદા જુદા પક્ષીઓ જેવા કે આઈબિસ, સ્પુનબીન (ચમચો), કોમોરન્ટ, વિવિધ જાતના ઈગ્રેટ્સ (બગલા), નાઈટ હેરન સહિતના પક્ષીઓ આવે છે. અને તેમને તૈયાર કરેલા માળાઓમાં બચ્ચાને જન્મ આપે છે.લગભગ ત્રણ મહિનાના રોકાણ બાદ બચ્ચા જેવા ઉડતાં શીખે એટલે આ પક્ષીઓ સહપરિવાર કાંકરિયા પરિસરની વિદાઈ લઈ લે છે. પક્ષીઓ માટેના કાંકરિયા મેટરનિટી હોમની આ તસવીરોમાં યાયાવર પક્ષીઓ તેમની લાક્ષણિક મુદ્દામાં કેમેરામાં કંડારાઈ ગયા છે.તસવીરમાં વૃક્ષ પર પક્ષીઓની હાઉસિંગ કોલોની સાથે (ડાબેથી હરોળમાં) કોમોરન્ટ, મા-બાપ સાથે માળામાં આઈબીંસના બચ્ચાં, નાઈટ હેરન, ઉડાન ભરી રહેલું આઈબીસ, સ્પુનબીલ કપલ અને ઈગ્રેટ જણાય છે. (ફોટો જીએનપી)

## આંતરરાજ્ય તુલનાત્મક હેવાલમાં ગુજરાત પ્રથમ

### ભારત સરકારના ૨૦ મુદ્દાના કાર્યક્રમનો મામલો : બધી બાબતોમાં ૧૦૦ ટકાથી વધારે કાર્યસિદ્ધિ મેળવનાર ગુજરાત એકમાત્ર : કર્મયોગીને આનંદીબેનના અભિનંદન

અમદાવાદ, તા.૮

મુખ્યમંત્રી આનંદીબેન પટેલના નેતૃત્વની વર્તમાન ગુજરાત સરકારે સમગ્ર દેશમાં, કેન્દ્રના ગરીબલક્ષી કાર્યક્રમોના વીસ મુદ્દા કાર્યક્રમના અમલમાં સતત બીજીવાર પ્રથમ સ્થાન હાંસલ કરવાનો વિક્રમ સ્થાપ્યો છે. ભારત સરકારના આંકડાશાસ્ત્ર અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયના માર્ચ-૨૦૧૬ અંતિત પ્રગતિ અહેવાલમાં ગુજરાતે કેન્દ્ર સરકારના ધોરણો પ્રમાણે ગરીબલક્ષી કલ્યાણ કાર્યક્રમોમાં ૧૦૦ ટકાથી અધિક સિધ્ધિ મેળવીને પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે તે પ્રતિપાદિત થયું છે.

રાજય સરકારના પ્રવક્ત મંત્રીઓ સર્વ નિતીનભાઈ પટેલ અને સૌરભભાઈ પટેલે ગરીબોના સર્વાંગી ઉત્કર્ષ માટેના વીસ મુદ્દા કાર્યક્રમના અમલમાં સને ૨૦૧૫-૧૬ના વર્ષમાં પણ, ગુજરાત, ૧૦૦ ટકા સિધ્ધિ સાથે પ્રથમ ગૌરવવંતા ક્રમ ઉપર આપ્યુ છે તેવા ભારત સરકારના આંતરરાજ્ય તુલનાત્મક ક્રમ દર્શાવતા પ્રગતિ અહેવાલની ભૂમિકા આપી હતી.

મુખ્યમંત્રી આનંદીબેન પટેલના નેતૃત્વમાં સુશાસનની સિધ્ધિ અને ગતિશીલ ગુજરાતના જનહિત કાર્યો સાથે ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસની સર્વાધિક સફળતા બાદ આ વધુ એક ગૌરવ સિધ્ધિ ગુજરાતે પ્રાપ્ત કરી છે તેમ તેમણે ગૌરવસહ જણાવ્યું હતું.

પ્રવક્તા મંત્રીઓએ જણાવ્યું કે વીસ મુદ્દાનો કાર્યક્રમ એ કોંગ્રેસના પૂર્વ પ્રધાનમંત્રીએ સમગ્ર દેશમાં દાખલ કરેલો છે એટલું જ નહીં, આ કાર્યક્રમોના લક્ષ્યાંકો દરેક રાજય માટે ભારત સરકાર જ નિશ્ચિત કરે છે.


હાર્દિક અભિનંદન
શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા
રાજ્યમંત્રીશ્રી
કૃષિ કલ્યાણ અને પંચાયતી રાજ
શ્રી મનસુખભાઈ માંડવીયા
રાજ્યમંત્રીશ્રી
માર્ગ-વ્યવહાર અને રસાયણ-ફર્ટીલાઈઝર
શ્રી જશવંતસિંહ ભાભોર
રાજ્યમંત્રીશ્રી
આદિજાતિ કલ્યાણ
આપશ્રીની કેન્દ્રીય મંત્રીમંડળમાં થયેલ નિયુક્તિને અમે અંતરના ઉમળકાથી વધાવીએ છીએ...
આપની ઉત્તરોત્તર પ્રગતિ માટે શુભકામનાઓ પાઠવીએ છીએ.
પરસોત્તમભાઈ માધવલાલ પટેલ
(ડીરેક્ટરશ્રી, ધી ગાંધીનગર અર્બન કો.ઓ. બેંક)
પંકજભાઈ પરસોત્તમભાઈ પટેલ
(સરપંચશ્રી, ગોવિંદપુરા (સમૌ) ગ્રામ પંચાયત)
(માણસા તાલુકા કોષાધ્યક્ષ - ભાજપ)



ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225



ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧



ગુજરાત જાહેર સેવા આયોગ વર્ગ : 3 ની પરીક્ષા માટે ક્લાસીસ
નાયબ સેક્શન અધિકારી ● નાયબ મામલતદાર ● કોન્સ્ટેબલ
તારીખ : 11/7/2016 થી રેગ્યુલર બેચ શરૂ
● અદ્યતન સંકુલ-નિષ્ણાંત તજજ્ઞો ● પ્રોજેક્ટર - મલ્ટી-મિડિયા દ્વારા ટોપિક્સની વિસ્તૃત સમજ ● પરીક્ષાના દિવસ સુધી સતત તાલીમ અને માર્ગદર્શન ● સુનિયોજિત મુદ્દાસર સ્ટડી-મટિરિયલ ● નિયમિત મોક-એકઝામ ● OMR પદ્ધતિ મુજબ આન્સર શીટ - ગ્રુપ ડિસ્કશન ● વિષયવાર અનુભવી અને નિષ્ણાત તજજ્ઞો દ્વારા શિક્ષણ ● સફળ થયેલાં ઉમેદવારો દ્વારા નિયમિત રૂપે પરીક્ષાની તૈયારી માટેની વ્યૂહરચનાની જાણકારી ● સંપૂર્ણ અભ્યાસક્રમ સાથે 100 ટેસ્ટપેપરની સિરિઝ જેમાં પરીક્ષા પદ્ધતિ મુજબ પ્રશ્નપત્રો અને સોલ્યુશન
માત્ર મોક-એકઝામ આપવા ઇચ્છતા ઉમેદવારો માટે સુવિધા ઉપલબ્ધ
VED VYAS VIDYAPITH
॥ वेद व्यास विद्यापीठ ॥
ત્રીજે માળ, બી-બ્લોક, પ્રમુખ આર્કેડ, રીલાયન્સ કોલેજ ચાર રસ્તા, સરગાસણ ક્રોસરોડ, ગાંધીનગર.
Phone : 9998400003, 7227909090



આયુર્વેદિક દવાઓ
NAGARJUNA
BAN Since 1966
Himalaya
ZANDU
VASU Healthcare Pvt. Ltd.
पतंजलि
Baidyanath
Dabur
SANDU
Charak
આયુર્વેદિક નિદાન કેમ્પ
દર શનિવારે સાંજે ૫ થી ૮
MM WellCARE
Manoj M. Trivedi | 98793 48048
Opp. Shree Bhuvneshwar Temple, Cheap Type Shopping Center, Sector-6/D, Gandhinagar. Ph. : 079 - 23241415